# ગાંધીનગરમાં વૅકેશન પડે ત્યારે અવનવી શિબિરોની મૉસમ મહેકે છે

॥ ત્રીજો મણકો ॥

આજે હવે કલરવ સંસ્થાએ આવી બાળપ્રવૃત્તિઓ માટે પદાર્પણ કર્યું છે, તો સંસ્કાર ગૃપ ચલાવતા ભાઈ તુષાર દવે અને પ્રજ્ઞા પટેલની આત્મન્ સંસ્થાની કલાપ્રવૃત્તિનો ઉલ્લેખ ન થાય તો તો વાત અધૂરી રહે. ગાંધીનગરની શાળા-કૉલેજો, શિક્ષણ સંસ્થાઓ દ્વારા યોજાતા વાર્ષિકોત્સવોમાં જોવા મળતા સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રોત્સાહક અને પ્રેરણાદાયી રહ્યા છે... તો બેસ્ટ સિંગર્સ ઑફ સિટી પ્રતિયોગીતા માટે જેસી (જુનિયર ચૅમ્બર), સરગમ કલબને સલામ, કેમકે આ સંસ્થાઓએ આ પ્રકારની પ્રવૃત્તિઓ થકી શહેરના સાંસ્કૃતિક વાતાવરણને શરદોત્સવ મનાવે છે તો ક્યારેક હોળી ઉજવે છે. કદાચ બીજા કોઈ શહેરમાં આ પ્રકારની પ્રાસંગિક સાંસ્કૃતિક પ્રવૃત્તિ નહીં થતી હોય - આ આપણા નગરની વિશેષતા છે. પંદર કરતાં વધુ વર્ષોથી ગાંધીનગર કલ્ચરલ ફોરમ તેના સભ્ય પરિવારના હજારથી વધુ (ગત વર્ષથી તો પાંચ હજાર કરતાં વધુ) કલાપ્રેમીઓને ઉત્કૃષ્ટ ને ભાતીગળ સાંસ્કૃતિક-મનોરંજક કાર્યક્રમો બતાવી, તેમને કલાભિમુખ બનાવવાનું ને નગરજનોમાં નવો 'ટેસ્ટ' ડેવલપ કરવાનું કામ કરી રહી છે. આર્ટ લવર્સ સંસ્થા પણ આ દિશામાં પ્રવૃત્ત છે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમ



## નગરની કલા યાત્રા

- પ્રકાશ લાલા

ગૂંજતું-ધબકતું રાખ્યું હતું.

સંગીતક્ષેત્રે ઉદયભાઈ ને પ્રફુલ્લાબેન શુક્લ, પિનાકીન વ્યાસ, જ્હોન, સુરેશ રત્નોત્તર, ગોપાલ નાયક, સુરેશ પારઘી, નઈમખાન પઠાણ, ધર્મેન્દ્ર ને જયેશ તપોધન જેવા સાથી કલાકારો તથા રંગભૂમિ ઉપર સ્વ. પરેશ પટેલ, જાગૃતિ પટેલ, સુરેશ પારઘી, ઉદય બ્રહ્મભટ્ટ, હસમુખ મૅકવાન, કુંતલ નિમાવત, હરેશ ભટ્ટ, ભીખુ પંચાલ, કુંપલ દવે વગેરેએ તો રાસ-ગરબા ક્ષેત્રે માર્ગદર્શિકો મુ. જયરાજસિંહ સરવૈયા ને આશાબેન સરવૈયા, હરેશ રાઠોડ 'બાપુ', જગતસિંહ ઝાલા, હોનહાર મિત્રો નીતિન દવે, જયેશ પંચોલી, મુંજાલ રાવલ, કિરીટ ઠક્કર, પ્રેમલ ત્રિવેદી, રાજા ઠક્કર, કેતન પ્રજાપતિ, રાહુલ દેસાઈ વગેરેએ કલા પ્રવૃત્તિને પોષવાનું, આગળ ધપાવવાનું ને નગરના ઉગતા કલાકારોને તક આપવાની સુંદર કામગીરી કરીને નગરની કલાયાત્રાને જાળવી રાખવામાં આપેલા યત્કિંચિત ફાળાને જરૂર બિરદાવવો પડે. આ ઉપરાંત કલાગુર્જરી ગાંધીનગર દ્વારા થતી વૈવિધ્યપૂર્ણ કલાકૃતિઓની પ્રસ્તુતિ પણ અભિનંદનીય છે. આજે તો ગાંધીનગર ગ્રીષ્મોત્સવ માણે, ક્યારેક જેવી કલ્ચરલ ઑર્ગેનાઈઝેશન દ્વારા થતી કલા પ્રવૃત્તિઓએ ગાંધીનગરની કલાયાત્રાને વેગીલી બનાવી છે ને આજે અહીં સાંસ્કૃતિક કાર્યક્રમોની મૉસમ બારેમાસ મહેકે છે. આ મૉસમને મહેકાવવામાં યોગદાન આપનાર નામી-અનામી સૌને સલામ ! અને હા, ગાંધીનગરમાં વૅકેશન પડે ત્યારે અવનવી શિબિરોની મૉસમ પણ મહેકે છે. આ શિબિરોમાં ચિત્રથી માંડીને નાટક, ડાન્સ ને કરાટે સુધીની તાલીમ અપાય છે. વર્ષોથી ગાંધીનગરમાં આવી શિબિરો ફેવરીટ છે અને અનેકવિધ સંસ્થાઓ ગાંધીનગરમાં અનેક પ્રકારની શિબિરો કરે છે, જેમાં મોટી સંખ્યામાં તાલીમાર્થીઓ ભાગ લે છે. અલબત્ત, આવી શિબિરો મોટેભાગે બાળકો માટે જ હોય છે, પરંતુ તેમ છતાં કોઈ શિબિર ખાલી ગઈ હોય તેવું જોવામાં આવ્યું નથી.

આ શિબિરો બાળકોને વૅકેશનમાં સર્જનાત્મક પ્રવૃત્તિઓ તો આપે જ છે, પરંતુ સાથે સાથે કલાની પદ્ધતિસરની તાલીમ આપી તેમને ટીવી જેવાં દૂષણોથી દૂર રાખે છે એ વાત ક્યારેય ન ભૂલવી જોઈએ.

આવી શિબિરો કરતી સઘળી સંસ્થાઓ અને તેમના આયોજકોને પણ સૌ સૌ સલામ !





સૅક્ટર-૭માં કાર્યરત ચૌધરી કૉલેજ ઑફ ઍજ્યુકેશન ખાતે શનિવારે થૅલેસેમિયા ચૅક-અપ કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ અભ્યાસ પૂર્ણ કરી ચૂકેલી વિદ્યાર્થીનીઓનો વિદાય સમારોહ યોજાયો હતો અને પછી કૉલેજના જ યંગ રેડક્રૉસ જૂથ દ્વારા કૉલેજની વિદ્યાર્થીનીઓ માટે થૅલેસેમિયા ચૅક-અપ કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કૉલેજના પ્રિન્સીપાલ ચિરાગભાઈ પંચાલે લગ્ન માટે જેમ કુંડળી મેળવવાનો રિવાજ છે તેમ હવે લગ્ન પહેલાં થૅલેસેમિયાનું ચૅક-અપ કરાવવાનો રિવાજ પણ અમલી બનાવવો જોઈએ, એવી સલાહ વિદ્યાર્થીનીઓને આપી હતી. ૬૦ વિદ્યાર્થીનીઓએ થૅલેસેમિયા ચૅક-અપ કૅમ્પમાં ભાગ લીધો હતો. ગાંધીનગર રેડક્રોસના જિજ્ઞેશ રાવલ તથા મેહુલ શાસ્ત્રીએ ઉપસ્થિત રહી આયોજન સંભાળ્યું હતું. (તસવીર : કુંતલ નિમાવત)

# ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં સંબંધોની ઉજવણી

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ ફકત શિક્ષણને જ નહિ, સામાજિક મૂલ્ય અને સામાજિક શિક્ષણને પ્રાધાન્ય આપે છે. નર્સરી અને કે.જી.ના વિદ્યાર્થીઓ સંબંધોનું મહત્વ સમજે અને જાણકારી મેળવે તે હેતુથી શાળામાં 'સંબંધોની ઉજવણી' કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત નાના ભૂલકાઓ દ્વારા પ્રાર્થનાથી થઈ હતી.

નર્સરી અને કે.જી.ના બાળકો દ્વારા અંગ્રેજીમાં કવિતાઓ અને નૃત્યનાટિકા પ્રસ્તુત કરવામાં આવ્યા હતાં. શાળાનાં આચાર્યએ સૌને આવકાર્યા હતા અને વિદ્યાર્થીઓના વિકાસ માટે દાદા-દાદી, નાના-નાની, કાકા-કાકી, માસા-માસી, મામા-મામી, ફોઈ-ફુવા અને માતા-પિતાનું આગવું યોગદાન છે તે જણાવ્યું હતું. શાળાનાં મેનેજીંગ ડિરેકટરે પોતાના પ્રવચનમાં પોતાનું બાળપણ યાદ કરી બાળકોને મુકત રીતે વિકસવા દેવાની વિનંતી કરી હતી. વિદ્યાર્થીઓના માતા-પિતાએ શાળા વિશે પોતાના અભિપ્રાય વ્યકત કર્યા હતા. કાર્યક્રમના અંતમાં વિદ્યાર્થીઓ સાથે તેમના સંબંધીઓના ફોટા પાડવામાં આવ્યા હતાં.

### હેલ્પેજ ઈન્ડિયાને

# જ્ઞાનદીપ અને સાબરમતી હિન્દી હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા સવા લાખ રૂપિયાનું દાન

ગાંધીનગર, તા. ૩૧

રાષ્ટ્રીય સ્તર ઉપર વૃદ્ધો અને નિઃસહાય માટે પાછલા ત્રણ દશકથી કાર્યરત સંસ્થા 'હેલ્પેજ ઈન્ડિયા' માટે વિકાસ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શાળા, જ્ઞાનદિપ હિન્દી હાઈસ્કૂલ અને સાબરમતી હિન્દી હાઈસ્કૂલ દ્વારા આયોજિત કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ સ્વૈચ્છિક રૂપે એકત્રીત કરેલી રકમ ૧,૨૫,૦૨૬ (અંકે એક લાખ પચ્ચીસ હજાર છવ્વીસ) રૂપિયાનો ચેક ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના સચિવ એમ.આઈ.જોશીના હસ્તે 'હેલ્પેજ ઈન્ડિયા'ના સ્ટેટ હેડ અનિલકુમાર મેસિજીને અર્પણ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે વિકાસ એજ્યુકેશન ટ્રસ્ટના સંસ્થાપક ધર્મરાજ બી. ઉપાધ્યાય, આચાર્ય, શિક્ષક, વિદ્યાર્થી અને સમાજના ગણમાન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# જે એમ ચૌધરી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ જુડો સ્પર્ધામાં ઝળક્યા

*ગાંધીનગર, તા. ૩૧*

*મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય સાદરા ખાતે જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર દ્વારા ઉત્તરઝોન પ્રદેશ કક્ષાની અંડર-૧૨ જુડો સ્પર્ધા તાજેતરમાં યોજાઈ હતી. સ્પર્ધામાં જે.એમ. ચૌધરી પ્રાથમિક શાળાના ૧૦ વિદ્યાર્થીઓએ વિવિધ વજનગૃપમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર મેળવી શાળાનું ગૌરવ વધાર્યું હતું.*

*રંજન ચૌધરી અને ફોરમ ચૌધરીએ પ્રથમ નંબર, તન્વી ચૌધરી, શ્વેતા ચૌધરી, રંજન એચ. ચૌધરી, નિધિ ચૌધરી અને નૈનેશ પંડ્યાએ દ્વિતીય નંબર તથા વિરલ ચૌધરી, ધ્રુવ ચૌધરી અને દેવાંગ પટણીએ તૃતીય નંબર પ્રાપ્ત કર્યો હતો. શાળાના વ્યાયામ શિક્ષક તથા આચાર્યએ વિજેતા ખેલાડીઓને અભિનંદન આપ્યા હતા.*



ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતા અને વિવિધ પ્રાદેશિક નૃત્યો દ્વારા સમગ્ર વાતાવરણને ભાવનામય બનાવતો સાંસ્કૃતિક વાર્ષિકોત્સવ તાજેતરમાં હીરમાણિ કે.જી. સ્કૂલ વિભાગ દ્વારા યોજાઈ ગયો. ૩૦૦ જેટલા બાળ કલાકારોએ ફેન્સી ડ્રેસ સાથે વિધ-વિધ કાર્યક્રમો રજૂ કરી વાલીગણને આનંદવિભોર કરી દીધા હતા.

# ઉદ્ગમ ટ્રસ્ટ દ્વારા મહિલા અને બાળ વિકાસની પ્રવૃત્તિ આરંભાશે

ગાંધીનગર, તા. ૩૧

ઉદ્ગમ દ્વારા આગામી ઉનાળુ વેકેશનમાં બાળકોના વિકાસ માટે વિવિધ કાર્યક્રમો આયોજિત કરવામાં આવ્યા છે, જેમાં પર્સનાલિટી ડેવલપમેન્ટ, આર્ટ એન્ડ ક્રાફ્ટ, મેમરી પાવર, ગોલ સેટીંગ, લીડરશીપ ડેવલપમેન્ટ વગેરે જેવા વિવિધ વિષયો આવરી લેવામાં આવનાર છે. ઉદ્ગમના પ્રયત્નોને ગાંધીનગરના નગરજનોના સતત સહકાર અને માર્ગદર્શનની જરૂર છે એમ જણાવતાં ટ્રસ્ટ દ્વારા આ અંગેની કોઈપણ પ્રકારની પ્રવૃત્તિ કરવા માંગતા નગરજનોને ઉદ્ગમ ટ્રસ્ટનો સંપર્ક (૨૩૨૩૫૪૧૩, ૯૪૨૭૩ ૮૦૭૮૮) કરવા અપીલ કરવામાં આવી છે. ઉદ્ગમ ટ્રસ્ટ અંગેની ની વધુ માહિતી વેબસાઈટ www.udgam.org પરથી મેળવી શકાશે, એમ ટ્રસ્ટ દ્વારા જણાવવામાં આવ્યું છે.

# જૈન સોશ્યલ ગૃપના રિજન-ઉના ઝોન કો-ઓર્ડિનેટર અરવિંદ શાહ



ગાંધીનગર, તા. ૩૧

જૈન સોશ્યલ ગૃપ રિજન-ઉના ઝોન કો-ઓર્ડૅનેટર તરીકે ગાંધીનગર જૈન સોશ્યલ ગૃપના તત્કાલીન પૂર્વ પ્રમુખ અરવિંદભાઈ શાહની વરણી કરવામાં આવી છે.

તાજેતરમાં હિંમતનગર ખાતે જૈન સોશ્યલ ગૃપ ગુજરાત રિજનની બેઠક રિજન ચેરમેન અરવિંદભાઈ દોશીના વડપણ હેઠળ મળી હતી, જેમાં રિજન-ઉના ઝોન કો-ઓર્ડિનેટર તરીકે અરવિંદભાઈ શાહની વરણી કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે ઝોન-ઉમાં અમદાવાદનું ઈલાઈટ, મેઈન, સેન્ટ્રલ, રાજનગર, કૃષ્ણનગર, ગાંધીનગર અને દહેગામ મળી કુલ ૮ ઝોનનો સમાવેશ થાય છે.

નવનિયુક્ત ઝોન કો-ઓર્ડૅનેટરે આઠેય ગૃપની એક સંયુક્ત બેઠકનું આયોજન તાજેતરમાં ગાંધીનગર ખાતે કર્યું હતું, જેમાં ગુજરાત રિજનના પ્રમુખ અરવિંદભાઈ દોશી, ઈલેક્ટ પ્રેસીડેન્ટ મનિષ શાહ અને ઈન્ટરનેશનલ ફેડરેશનના પૂર્વ પ્રમુખ સુરેશભાઈ કોઠારી ઉપસ્થિત રહ્યા હતા. ગૃપના હેતુની દિશામાં આગળ વધવા નવાં વર્ષનાં આયોજનોને આ બેઠકમાં ઓપ આપવામાં આવ્યો હતો.

## આજે પંચદેવ મંદિરે સુંદરકાંડના પાઠનું આયોજન

*ગાંધીનગર, તા. ૩૧*

*પવિત્ર રામનવમીના પાવન પ્રસંગે કાન્તિભાઈ યોગીની વ્યાસપીઠે રામચરિત માનસના પંચમ સોપાન સુંદરકાંડના સંગીતમય પાઠનું આજે ૧લી એપ્રિલ-૨૦૧૨ના રોજ સાંજે ૪ કલાકે પ્લોટ નં. ૧૩૮/૨, સેક્ટર-૩-એ ખાતે સુરેશભાઈ રાઠોડના યજમાનપદે તથા રાત્રે ૮.૩૦ કલાકે પંચદેવ મંદિર, સેક્ટર-૨૨ ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવ્યું છે. સુંદરકાંડ જ્ઞાનયજ્ઞ પરિવાર તરફથી સૌ નગરજનોને પધારવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.*

## આજે સોમનાથ મહાદેવ મંદિરે સુંદરકાંડ યોજાશે

*ગાંધીનગર, તા. ૩૧*

*ગાંધીનગરના જાણીતા કથાકાર કન્હૈયાલ મહારાજની વ્યાસપીઠે આજે તા. ૧લી એપ્રિલ-૨૦૧૨ને રવિવારના રોજ રાત્રે ૮.૩૦ કલાકે સોમનાથ મહાદેવ, સેક્ટર-૧૬, ગાંધીનગર ખાતે સુંદરકાંડના સંગીતમય પાઠ યોજાશે. સર્વે ભક્તજનોને પધારવા આયોજકો દ્વારા ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.*

## બ્રહ્મસમાજની ડીરેકટરી નવી બનાવવામાં આવશે

*ગાંધીનગર, તા. ૩૧*

*સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા નોંધાયેલ સભ્યોની નવી ડીરેકટરી બનાવવામાં આવનાર છે. જે સભ્યોના રહેઠાણ, ટેલિફોન નંબર બદલાયેલ હોય તો તા. ૧૫મી એપ્રિલ પહેલાં સરનામામાં જરૂરી સુધારા કરાવવા માટે બ્રહ્મભવનમાં સંપર્ક સાધવા શ્રી નરેશભાઈ દવેએ જણાવેલ છે.*

## એમબીબીએસની પરીક્ષામાં પ્રથમ વર્ગ

*ગાંધીનગર, તા. ૩૧*

*સાહિત્યકાર, પત્રકાર તથા કટાર લેખક યશવંત કડીકરના પૌત્ર કુશ શાહે તાજેતરમાં એમબીબીએસની પરીક્ષામાં ૬૭ ટકા મેળવી પ્રથમ વર્ગ સાથે જવલંત સફળતા હાંસલ કરી છે.*

## આવતીકાલનો ઉજાસ



રવિરાજ જી ઝાલા
ધોરણ-૯
શેઠ સી ઍમ હાઈસ્કૂલ

એક ઍનસીસી કૅડેટને છાજે તેવા ગુણો ધરાવતો રવિરાજ અભ્યાસમાં પણ એક તેજસ્વી વિદ્યાર્થીને છાજે તેવા ગુણો ધરાવે છે. રવિરાજે ૨૬ જાન્યુઆરી, ૨૦૧૨ની દિલ્હી ખાતેની પ્રજાસત્તાક દિનની પરેડમાં ગુજરાતના ૯ પૈકીના એક વિદ્યાર્થી તરીકે પસંદગી પામીને માતા-પિતા તેમજ શાળાનું ગૌરવ વધાર્યું છે.

અન્યને હંમેશા મદદ કરવાની તત્પરતા દાખવનાર રવિરાજ ભવિષ્યમાં દેશ માટે કંઈક કરી છૂટવાની ખેવના ધરાવે છે.



પવન એ બોરીસાગર
ધોરણ-૧૦
શેઠ સી ઍમ હાઈસ્કૂલ

અભ્યાસમાં અવ્વલ સ્થાન પર રહેનાર પવન ઈતર પ્રવૃત્તિઓમાં પણ અવ્વલ સ્થાન પર રહે છે. તેણે નિસર્ગ કૉમ્યુનિટી સાયન્સ સૅન્ટર દ્વારા વિજ્ઞાનના અવનવા પ્રયોગો તેમજ સિદ્ધાંતોને ધ્યાનપૂર્વક શીખીને સફળતા પ્રાપ્ત કરી છે. ગુજરાત ક્વિઝમાં પણ પ્રથમ સ્થાન મેળવી અને ગુજરાત પાઠ્યપુસ્તક મંડળ દ્વારા અપાતા તેજસ્વી તારલાનાં પ્રમાણપત્રો દર વર્ષે પ્રાપ્ત કરી માતા-પિતા ઉપરાંત શાળાનું નામ રોશન કર્યું છે.

## ડૉ. રાજકુમારીનાં પુસ્તક વિદેશમાં પ્રસિધ્ધ થયાં



ગાંધીનગર, તા. ૩૧

ડૉ. રાજકુમારી થારવાણી સરકાર વિજ્ઞાન કૉલેજ ગાંધીનગરના પુસ્તકો યુરોપિયન બાયોમાસ કૉન્ફ્રન્સમાં રીચર્ચ પેપર તરીકે પ્રસિધ્ધ થયા હતા. યુ.જી.સી. દ્વારા આ પુસ્તકોને સ્પોન્સર કરવામાં આવેલ છે.

સિંધી સમાજ ગાંધીનગરનાં મંત્રી શ્રી, સી.એસ. લીલાણીનાં સુપુત્રી ડૉ. રાજકુમારીએ આ સિધ્ધિ મેળવવા બદલ સિંધી સમાજ શુભેચ્છાઓ પાઠવી ગૌરવની લાગણી અનુભવે છે.

# સત્ય, પવિત્રતા અને કરુણા મળે ત્યાં રામાયણ સાર્થક બને છે

'રામ' શબ્દ એક, પણ શબ્દાર્થ અનેક. અક્ષર છે બેપણ તાકાત બાવન અક્ષર બરાબર. રામ બધાનું પરમધામ. જ્યાં રામ છેત્યાં 'કામ' નથી અને 'કામ' છે ત્યાં રામ નથી. રામ કરતાંય રામનું નામ મહાન છે. આ સંસાર સાગર તરી જવાનું વહાણ છે. ભારતનાં બે મહાકાવ્યો - એક રામાયણ, બીજું મહાભારત. રામાયણનો પ્રથમ અક્ષર 'રા' અને મહાભારતનો પ્રથમ અક્ષર 'મ' - બની જાય છે : રામાયણ.

માણસે શું શું કરવું જોઈએ એ રામાયણ જણાવે છે અને શું શું ન કરવું એ મહાભારત જણાવે છે. રામ માટે સત્ય પ્રેમ છે. કૃષ્ણ માટે પ્રેમ સત્ય છે. શ્રીકૃષ્ણ પૂર્ણ પુરુષોત્તમ છે જ્યારે શ્રીરામ મર્યાતા પુરુષોત્તમ છે. સત્ય માટે રામ બધું કરી છૂટે છે, પવિત્રતા તો એમનો પર્યાય છે અને કરુણાના એ સાગર છે. જ્યાં ગંગા, યમુના અને સરસ્વતી મળે ત્યાં પ્રયાગતીર્થ બને છે અને જ્યાં સત્ય, પવિત્રતા અને કરુણા મળે ત્યાં રામાયણ સાર્થક બને છે. રામનું વચન એક છે. રામબાણ એક છે. પત્ની સીતાજી એક છે. ટેક એમની નેક છે. વલ્કલ એમનો ભેખ છે. વનવાસ એ તો વિધાતાનો લેખ છે, આસુરી તત્ત્વોનો વિનાશ કરવામાં એમની મહેક છે. આથી જ એમના ભક્તો અનેક છે. એ શબરીને સામેથી મળવા જાય છે, ગુહ-કેવટને એ ચરણ ધોવા દે છે, વિભિષણને એ રાજા બનાવી દે છે, સુગ્રીવને રાજ પાછું અપાવે છે અને હનુમાનજીને તો - તુમ મમ ભરત સમ ભાઈ કહી સગા ભાઈનો દરજ્જો આપે છે. શ્રીકૃષ્ણ ગીતામાં કહે છે કે 'ન મે ભક્ત પ્રણશ્યતિ' - એ ઉક્તિ રામ ચરિતાર્થ કરી બતાવે છે. રામ ભગવાન કરતાં માનવ અધિક છે.



એ સીતાજીનો ત્યાગ કરી માણસ જેમ વર્તી શકે છે. એ લવકુશ જેવા સગા દીકરાઓ સામે ધનુષનો ટંકાર પણ કરી જાણે છે. સામાન્ય માણસની જેમ સોનાનો મૃગ જોઈ લાલચમાં પણ આવી જાય છે. સીતાશોધ વખતે વૃક્ષોને પૂછતાં એ આમ આદમીની માફક વિરહ વ્યથામાં પોકે પોકે રડી પણ જાય છે. ખુદ ઈશ્વર હોવા છતાં યુદ્ધમાં વાનર, રીંછ વગેરેની મદદ પણ માગે છે. સાધારણ માણસની જેમ જ એ વનવાસ ભોગવી જામે છે. સાંસારિક માણસના જીવનનાં તમામ પાસાંનું પ્રતિબિંબ શ્રીરામમાં જોવા મળે છે. માટે એ જેટલા વાલ્મિકીના પ્રિય છે એટલા જ શ્રીરામચરિતમાનસમાં તુલસીદાસજીના પ્રિય છે. એ સામાન્ય માનવીની કસોટી કરવા તો ખુદ પાર્વતીજી સ્વયં સીતાનું રૂપ ધારણ કરે છે ત્યારે જ ખબર પડે છે કે ઓહ !! આ તો સ્વયં બ્રહ્મ છે. બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે.

એક આદર્શ કુટુંબની સાચી વ્યાખ્યા સમજવી હોય તો વાંચો રામાણય. એક ભાઈ લક્ષ્મણ ઉર્મિલાનો ત્યાગ કરી પોતાના દાંપત્યજીવનનો ભોગ આપી રામ સાથે સેવક બની વન-વન ભટકે છે તો એક ભાઈ ભરત નંદીગ્રામમાં ચરણપાદુકાને પ્રભુ માની અયોધ્યાનો વહીવટ કરે છે. ચૌદ વરસના વિરહમાં લક્ષ્મણ વગર ઉર્મિલાએ ક્યારેય એક આંસુ પાડ્યું નથી ઊલટાનું પતિ આજ્ઞા મુજબ જેણે રામને વનમાં મોકલ્યા એ જ કૈકેયીની સેવા કરે છે. આજે સગા મા-બાપને ધક્કા મારી વૃધ્ધાશ્રમ ભેગા કરતા પુત્ર અને પુત્રવધૂ ઉર્મિલા જેવી સેવા કરે એવું તો સ્વપ્નમાં પણ કોઈ વિચારી ન શકે. ધન્ય છે આવી ભારતીય નારીને.

દુખનો સામનો કઈ રીતે કરવો એનું સચોટ ઉદાહરણ શ્રીરામ છે. રાજગાદીના બદલામાં વન-વન ભટકવું, પકવાનને બદલે માત્ર ફળાહાર, ભાઈઓનો વિયોગ, દશરથ રાજાનું મરણ, સીતાહરણ, રાવણ સાથે યુદ્ધ, લક્ષ્મણની મૂર્છા, સગર્ભા અવસ્થામાં સીતાનો ત્યાગ, પોતાના જ પુત્રો સાથે યુદ્ધની નૉબત, સીતાજીનું ધરતીમાં સમાઈ જવું, આવા અને આટલા કિર્કર્તવ્યમૂઢ કરી નાખે તેવા પ્રસંગો હોવા છતાં ધીરજપૂર્વક આદર્શ રામ રાજ્યની સ્થાપના કરવી એ કંઈ જેવી તેવી સિદ્ધિ તો ન જ કહેવાય. ધીરજ ધર્મ મિત્ર અરૂ નારિ, આપતકાલ પરખ હુ ચારિ - ધીરજની પણ ધીરજ ખૂટી જાય એનું નામ ધીરજ.

માણસના જીવનમાં રામ ક્યાં નથી ? બે માણસો મળશે તો અભિવાદન કરશે : રામ-રામ. પવિત્ર લગ્નસંબંધમાં પ્રસંગ પત્યા પછી છૂટા પડશે તો કહેશે : રામ-રામ. ભક્તિમાં રામ, ભજનમાં રામ, પદ્યમાં રામ, ગદ્યમાં રામ, ગઝલમાં રામ, વેદોમાં રામ, યાત્રામાં રામ, મંદિરમાં રામ અને માણસ સંસારમાંથી છેલ્લી વિદાય લે ત્યારે પણ : 'રામ નામ સત્ય હૈ. રામ બોલો ભાઈ રામ.'

સીયરામ મય સબ જગ જાની,કરઉ પ્રણામ જોરિ જુગ પાનિ.



ઘાસની ગંજીમાં એક અંગારો પડતાં જ બધું બળીને રાખ થઈ જાય છે એમ સંસારના દુખોમાં એક રામનામથી દુખો દૂર થઈ જાય છે. જો વાલિયો લૂંટારો વાલ્મિકી બની શક્તો હોય તો શું આપણે માણસ મટી માનવ ન બની શકીએ ? ચમત્કારો આજે પણ બને છે. આજથી રાવણ થવાનું બંધ. શબરીની ઝૂંપડીએ રામ ગયા... આપણે ત્યાં પણ આવશે જ. શ્રદ્ધા જોઈએ. શબરીની શ્રદ્ધા લઈને જીવી બતાવીએ અને બોર ચાખવાની બહાદુરી પણ કરી જોઈએ. જય સીયારામ.

- પી ઍમ પરમાર